ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫



ટેક યુદ્ધનું રણશિંગું:

અમેરિકન AIના ગગનચુંબી સપનાં પર ચીની DeepSeekના ડ્રેગનનો ભરડો

ચીન અને U.S. વચ્ચે ટેક્નોલૉજીની લડાઇ ચાલી છે ત્યારે ભારતે પાંચસો વર્ષ પાછળ જોવાને બદલે ભવિષ્યની અનિવાર્યતાઓ પર ધ્યાન રાખી સંશોધન અને વિકાસ પર કામ કરવું જરૂરી છે

છેલ્લા થોડા દિવસથી મહાકુંભના વીડિયો, વિવાદ, ચર્ચાઓ અને ટિકિટ મેળવવાની માથાકૂટમાં જો તમે તમારો સમય અને ઊર્જા વેડફ્યાં હોય તો તમારે ડીપ - DIP - ડૂબકીમાંથી બહાર આવીને DEEP-ઊંડું વિચારવાની જરૂર છે. DEPPSEEK - ડીપસીક - આ શબ્દ છેલ્લા કેટલાક વખતથી ટ્રેન્ડમાં આવ્યો છે અને અમેરિકાની સિલિકોન વેલીની ઊંઘ હરામ થઇ ગઇ છે. આ ડીપસીક R1 - આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI) ટૂલ છે જે ચીને વિકસાવ્યું છે. DEPPSEEKની જાહેરાતને પગલે પશ્ચિમના ટેક જાયન્ટ્સને લાળા ચાવવાનો વખત આવ્યો છે. ડીપસીક માર્કેટમાં આવ્યું ત્યાં તો અમેરિકાના સ્ટૉક એક્સચેન્જ પર પણ તેની અસર વર્તાઇ. આ બધું શરૂ ક્યાંથી થયું અને શું કામ એ કળવું અનિવાર્ય છે.

આમ તો આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ - AI વિશે આપણે દોઢ-બે વર્ષથી ઘણું સાંભળીએ છીએ. લોકો પોતાના કામને સરળ બનાવવા માટે તેનો ઉપયોગ પણ કરતાં થયાં છે. OpenAI - ચેટ જીપીટી પર પ્રોમ્પ આપી આપીને પ્રેમીઓએ લવ લેટર્સ લખ્યા છે તો લોકોએ પ્રેઝન્ટેશન્સ માટે ટિપ્સ મેળવી છે અને એવું તો ઘણું ય નાના-મોટા સ્તરે થતું આવ્યું છે. AI ટૂલ્સનું વિશ્વ વિશાળ છે અને તેમાં અનેક પ્રકારનું કામ થાય છે. AIનો મુદ્દો વૈશ્વિક સ્તરે શા માટે છેડાય? આમાં ઘણાં પાસાં છે અને તેનો સીધો પ્રભાવ રાજકીય અને આર્થિક સ્થિતિ પર પડે છે. સૌથી પહેલાં તો AIને કારણે લોકોની નોકરીઓ જતી રહેશેની ચર્ચા ચાલુ થઇ. બીજી તરફ સિલિકોન વેલી જે ટેક જાયન્ટ્સનું પાવર સેન્ટર છે ત્યાંથી એક મજબૂત નેરેટિવ શરૂ કરાયું. તેમાં વાત હતી AIના વિકાસ, ડેટા સેન્ટર, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એનવીડિયા જેવી સેમી કન્ડક્ટર ચિપ્સ બનાવનારી કંપનીઓનાં મહત્ત્વની અને એમ પણ કહેવાયું કે આ AIને લગતું બધું જ - તોતિંગ રોકાણ, સર્વર ફાર્મ્સ, મોંઘી ચિપ - બધું બહુ ખર્ચાળ છે, તેના લીધે માત્ર પશ્ચિમી દેશો નહીં પણ આખી દુનિયાનું ભવિષ્ય નવી દિશામાં જશે. AIથી મળનારા ડેટાનું પ્રોસેસિંગ બહુ જ અગત્યનું સાબિત છે અને માટે જ આ બબાલ સમજવી જરૂરી છે. આ બાજુ ડોનાલ્ડ ટ્રમ્પની શપથ વીધી ચાલતી હતી અને એ જ દિવસે ઓપન AI ટૂલ

ડીપસીક-R1 રિલિઝ કરવામાં આવ્યું. અમેરિકાના સ્ટૉક માર્કેટને હચમચાવી નાખનારી આ જાહેરાતને પગલે અમેરિકાએ દોષારોપણ શરૂ કરી દીધું. ટ્રમ્પના ખાસ ડેવિડ સાક્સ જે AI અને ક્રિપ્ટોના બાદશાહ ગણાય છે એમણે આક્ષેપ મૂક્યો કે ડીપસીકે અમેરિકાના OpenAI મોડલની મદદ લઇને પોતાની ટૅક્નોલૉજી વિકસાવી છે તો US નેવીએ પોતાના અધિકારીઓને સુરક્ષાના કારણોસર ડીપસીકનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે. અમેરિકામાં ઓપનએઆઇ, સૉફ્ટબેંક અને ઓરેકલ જેવી કંપનીઓ જે AI વેન્ચર સ્ટારગેટમાં જોડાયેલી છે તેમને સંબોધીને ટ્રમ્પે કહ્યું કે તમે જીતવા માટે સ્પર્ધા કરવાનું બંધ કરો અને ડીપસીક એક ચેતવણી છે એ સમજો. આ બધાના મૂળમાં છે ચાઇનિઝ સ્ટાર્ટ અપ ડીપસીક. જે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સને લઇને અમેરિકા પોતાના અર્થતંત્ર અને ભવિષ્યના વાયદા કરી રહ્યું હતું, જેની આસપાસ રહસ્ય અને રોમાંચના જાળાં ગુંથાયા હતા તે આખી બાબત ચીને ચપટીમાં ધૂળધાણી કરી નાખી. સરળ ટેક્નોલૉજી, સસ્તું AI આસિસ્ટન્ટ અને હાઇ એન્ડ પ્રોસેસિંગ પાવર ડીપસીકની ખાસિયતો છે. અમેરિકાએ ચિપ એક્સપોર્ટ કરવાને મામલે ચીન સામે જે નિયંત્રણો અને પ્રતિબંધો લાધ્યા હતા તેની ચીન પર કોઈ અસર જ નથી થઇ કારણકે ચીને ડીપસીકની જાહેરાત સાથે એ પણ જાહેર કર્યું કે તેમણે પોતાની રીતે ગુણવત્તામાં ઊતરતી હોવા છતાં ય બહેતર પરિણામ આપનારી ચિપ્સ બનાવી દીધી છે અને અમેરિકાના નિયંત્રણોથી તેમના વિકાસમાં કોઇ ફેર પડ્યો નથી. ચીનમાં વિકસાવાયેલા DEEPSEEKઅને ડેટાની સલામતીને લઇને પણ ઘણા પ્રશ્નો થઇ રહ્યા છે કારણકે ચીનને હળવાશથી લેવાની ગફલત કરાય એમ છે જ નહીં. જુઓ આ ઉદાહરણ - આ ડીપસીકને જ્યારે તિઆનમેન સ્ક્વેરમાં 1989માં થયેલા નરસંહાર કે ભારત-ચીનના સંબંધો, 1962માં થયેલા ભારત-ચીનના યુદ્ધ કે કાશ્મીર અને લદાખના પ્રશ્નો, ચીન જેને પોતાનું ખપાવે છે એ અરુણાચલ પ્રદેશ, ચીનમાં મુસમાનો સાથે થતા અત્યાચારો વગેરે પ્રકારના સંવેદનશીલ રાજકીય સવાલ કરવામાં આવે છે ત્યારે આ સવાલોનો જવાબ ત્યાં નથી મળતા અને હા આ ડીપસીક તિબેટને ચીનનો જ હિસ્સો ગણાવે છે. ચેટજીપીટી તમને આ સવાલોના જવાબ વિગતવાર આપે છે એમ એનડીટીવીના એક રિપોર્ટમાં ટાંકવામાં આવ્યું છે.

છતાં પણ ચીને કરી બતાડ્યું એ તો માનવા સિવાય કોઇ છૂટકો છે જ નહીં. ચીને જે કરી બતાડ્યું તેનાથી અમેરિકાએ AI અને તેના ડેટા પ્રોસેસિંગ વગેરેને લઇને જે મોટી મોટી વાતો કરી હતી તેનું જાણે કોઈ મૂલ્ય જ નથી રહેતું. ચીનની હાઇ ટેક ઇન્ડસ્ટ્રીના વિકાસમાં અવરોધ નાખવા માટે સતત પ્રયત્નશીલ અમેરિકાને લાળા ચાવવાના દિવસો આવ્યા છે. ટેકનોલૉજીનું ભવિષ્ય માત્રને માત્ર અમેરિકાના હાથમાં જ છે એવું આખી દુનિયાને ગળે ઉતારનારા અમેરિકન દાવાઓનું બાષ્પીભવન થઇ ગયું છે. ચીન બોલીને નહીં પણ કરી બતાડવામાં માને છે તેવું ફરી એકવાર સાબિત થઇ ગયું છે. અમેરિકા પોતે જ વૈશ્વિક મહાસત્તા બનવા માટે સક્ષમ છે એવી જાહેરાતો કરે ત્યાં તો ચીન ફરી એકવાર પુરવાર કરે કે

અનુસંધાન પાના નં. ૩ પર...

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

બાય ધ વે:

આખી ત્રિરાશિમાં ભારતે શું પ્રતિભાવ આપવો જોઇએ એ પણ અગત્યનું છે કારણ કે આપણને પણ તો મહાસત્તા નહીં તો તેના ખાસ સક્ષમ મિત્ર બનવાની હોંશ છે. ચીનની ઠેકડી ઉડાડીને અન્ય રાષ્ટ્રોને ખુશ કરનારા આપણે અત્યારે બોલી શકીએ એમ નથી કારણકે પ્રતિબંધિત સામ્યવાદી દેશ ચીન તકનીકી પાસાંઓમાં બહુ જ સબળ છે. ભારતે વસવસો કરવાને બદલે આત્મનિર્ભરતા યાદ કરીને તકનીકી પાસું સમૃદ્ધ કરવા મચી પડવું જોઇએ. આપણો ભાષાકીય વારસો અને વૈશ્વિક ધારાધોરણોમાં આપણે પાર પડીએ એ રીતે AI ટૂલ્સ વિકસાવવાની દિશામાં ભારતે વિચારવું જોઇએ. ભૂતકાળમાં ભારતને જ્યારે અમેરિકાએ સુપર કોમ્પ્યુટર ટેક્નોલૉજી આપવાની ના પાડી હતી ત્યારે આપણા દેશમાં સુપર કોમ્પ્યુટર વિકસાવાયું હતું. ભારતને રશિયાનો ટેકો ન મળ્યો ત્યારે ક્રાયોજનિક એન્જિન ટેક્નોલૉજી પણ ઘર આંગણે વિકસાવી હતી. ભારતનો આ જુસ્સો અત્યારે ફરી પ્રબળ થાય એ અનિવાર્ય છે. ચીન અને અમેરિકાની રેસ ભલે ચાલતી રહે આપણે બેની લડાઈમાં ત્રીજો ફાવે વાળી વાર્તા યાદ રાખીને કામે લાગવું જોઇએ. મેળા, ભગવાવાદ, ધ્રુવીકરણ, ડૂબકીઓ, માંસાહાર જેવા મુદ્દાઓમાં સમય વેડફવાને બદલે નક્કર વિકાસને હાથવગો કરવાનો વખત પાક્યો છે.

સિકંદરને પોરસ સે કી થી લડાઇ તો મેં ક્યા કરૂં?

ડૉ. જયનારાયણ વ્યાસ

કોલંબિયાનાં નાગરિકો જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસવાટ કરી રહ્યાં છે, તેમને અમેરિકા છોડી દેવા માટે હુકમ કરીને ટ્રમ્પ ચૂપ નથી બેઠા. એથી આગળ વધીને એમણે ૨૫ ટકા ટેરિફ કોલંબિયાથી આયાત થતી પેદાશો ઉપર ઝીંકી દીધું. આટલું જાણે અપૂરતું હોય તેમ કોલંબિયા ઉપર એટલું દબાણ ઊભું કર્યું કે અમેરિકા તેનાં જે નાગરિકોનો દેશનિકાલ કરે છે તેમને પરત લઈ જવાની જવાબદારી પણ કોલંબિયાએ નિભાવવી પડશે. આના પ્રત્યુત્તરમાં અમેરિકામાંથી દેશનિકાલ થતાં કોલંબિયાવાસીઓને લઈને અમેરિકન વિમાનો કોલંબિયા પહોંચતાં કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ પોતાના જ દેશનાં પણ અમેરિકાએ દેશનિકાલ કરેલાં ગેરકાયદેસર પ્રવાસીઓને લઈને આવતાં વિમાનોને કોલંબિયાની ધરતી પર ન ઊતરવા દીધાં. કોલંબિયાની આ હરકતને કારણે ટ્રમ્પ બરાબર ખિજાયો. એણે નવું બહાનું જોડી દીધું. આ બહાનું હતું કે, અમેરિકામાં હજારોની સંખ્યામાં કોલંબિયન નાગરિકો ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યાં છે અને આ કારણથી અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષામાં અડચણ આવી છે. આમ બે મુદ્દે કાર્યવાહી થઈ: એક તો કોલંબિયામાં અમેરિકામાં વેચાતા માલ ઉપર ટેરિફમાં ૨૫ ટકાનો વધારો કરી અને બાકી રહેતું હતું તે ૨૫ ટકા ઇમરજન્સી ટેરિફ લગાવી દીધી. આ વધારાની ટેરિફ લાગ્યા બાદ ટેરિફનો દર ૫૦ ટકાએ પહોંચ્યો, એટલું જ નહીં ટ્રમ્પે કોલંબિયા સરકારના અધિકારીઓ અને સહયોગીઓ પર વિઝા પ્રતિબંધ પણ લગાવી દીધો. ત્યાર બાદ ટ્રમ્પે હુંકાર કર્યો કે, 'આ તો માત્ર ટ્રેલર છે. અમેરિકા કોલમ્બિયન સરકારને એની મનમાની નહીં કરવા દે. જો કોલમ્બિયન સરકાર નહીં સમજે તો હજુ આખું પિક્ચર તો આવવાનું બાકી છે. અમેરિકા કોલંબિયાના અધિકારીઓને પણ તેમના દેશ પરત મોકલી દેશે.' કહેવાય છે કે, 'બળિયાના બે ભાગ'. ટ્રમ્પે એક પછી એક એવાં પગલાં ભરવા માંડ્યાં કે, અત્યાર સુધી અમેરિકા સામે શીંગડાં ભરાવતા કોલંબિયાની સાન ઠેકાણે આવી રહી હોય તેમ લાગે છે. હવે કોલંબિયાએ પોતાનાં નાગરિકોને સ્વીકારવાની તૈયારી દર્શાવી છે. કોલંબિયાના પ્રેસિડેન્ટ જે વિમાન વાપરે છે તેનું નામ 'હોન્ડુરાસ'છે. રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ પોતાનું આ અંગત વિમાન મોકલી અમેરિકામાંથી કોલંબિયાના ગેરકાયદે વસતાં અને તે કારણે દેશનિકાલ કરાયેલ નાગરિકોને કોલંબિયા પાછા લઈ આવવા માટેની કાર્યવાહીમાં સહકાર આપવાનું શરૂ કર્યું છે. રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ આ મામલે કહ્યું છે કે, તેઓ તેમનાં નાગરિકો માટે સન્માન ઇચ્છે છે, તેથી તેમણે સેનાના પ્લેનને નહોતું ઊતરવા દીધું. તેમણે આરોપ લગાવ્યો કે, અમેરિકા પ્રવાસીઓ સાથે કેદીઓ જેવું વર્તન કરી રહ્યું છે ત્યારે આખરે અમેરિકાનાં પગલાં બાદ હવે કોલંબિયા તેની વાત માનવા તૈયાર થયું છે. આમ, કોલંબિયા માટે 'પ્યાજ ભી ખાઈ ઔર જુતે ભી ખાયે'જેવો ઘાટ ઊભો થયો છે. એક બાજુ એણે પોતાનાં નાગરિકોને પરત નહીં સ્વીકારે એવું અક્કડ વલણ રાખ્યું હતું તે બદલવું પડ્યું, એટલું જ નહીં પણ પહેલાં અમેરિકા વિમાનની વ્યવસ્થા કરીને દેશનિકાલ કરાયેલાં કોલંબિયાનાં નાગરિકોને પાછાં મોકલે તેવું પગલું ભરાયું હતું. હવે આ નાગરિકોને લઈ આવવા માટે પ્રમુખનું અંગત વિમાન (હોન્ડુરાસ) મોકલવું પડ્યું. બીજું, અગાઉ જણાવ્યું તેમ ૫૦ ટકા ટેરિફ કોલંબિયાથી અમેરિકામાં આયાત થતી ચીજવસ્તુઓ તેમજ માલ-સામાન પર લગાડવામાં આવશે એટલે કોલંબિયાના નિકાસકારો માટે એકાએક ૫૦ ટકા ભાવ વધી જાય એટલે કોલંબિયાના માલની ખપત અમેરિકન બજારમાં તેટલા અંશે મુશ્કેલ બને અથવા બજારમાંથી સાવ ફેંકાઈ પણ જાય. 'અમેરિકા મોટું ડાયનોસોર છે, એને આ બધાની અસર નહીં જ થાય'એવું આજના ગ્લોબલાઇઝેશનના જમાનામાં કહેવું ઉચિત નહીં ગણાય અને છેલ્લે, વિશ્વવિજય કરવા નીકળેલા સિકંદરે જેને ભારતના પ્રવેશદ્વારે હરાવ્યો તે રાજા પોરસ સાથે સંવાદ થયો ત્યારે સિકંદરે પોરસને પૂછ્યું કે, 'મારે તમારી સાથે કેવી રીતનો વ્યવહાર કરવો?' પોરસનો જવાબ ગમી જાય તેવો હતો. તેણે સિકંદરને કહ્યું, 'એક રાજા બીજા સાથે કરે તેવો!'ભારતે અત્યંત ગરિમાપૂર્વક રીતે આ જ જવાબ ટ્રમ્પને પરખાવી દેવાની જરૂર છે. જો અમેરિકા દુનિયાની સૌથી તાકાતવર લોકશાહી છે તો ભારત જગતની સૌથી મોટી લોકશાહી છે. એણે પોરસની માફક શ્રીમાન ડોનાલ્ડ ટ્રમ્પને ખોંખારીને જવાબ આપી દેવો જોઈએ, 'મિત્રતા મિત્રતાના ઘેર રહી.'

કોલંબિયા માટે 'પ્યાજ ભી ખાયે ઔર જુતે ભી ખાયે' જેવો ઘાટ ઊભો થયો છે. એક બાજુ એણે પોતાનાં નાગરિકોને પરત નહીં સ્વીકારે એવું અક્કડ વલણ રાખ્યું હતું તે બદલવું પડ્યું, એટલું જ નહીં પણ પહેલાં અમેરિકા વિમાનની વ્યવસ્થા કરીને દેશનિકાલ કરાયેલાં કોલંબિયાનાં નાગરિકોને પાછાં મોકલે તેવું પગલું ભરાયું હતું. હવે આ નાગરિકોને લઈ આવવા માટે પ્રમુખનું અંગત વિમાન (હોન્ડુરાસ) મોકલવું પડ્યું

સિલી પોઈંટ સ્ટ્રાની